# 17. મારા સપનામાં આવ્યા હરિ

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો:

1) નીચેનામાંથી કયું વાક્ય કાવ્યનાયિકાને લાગુ પડતું નથી?

(A) ભગવાન હસતા-હસતા સામે ઊભા રહ્યા.

(B) ભગવાને આંસુ લૂછી આપ્યા.

(C) હરિ સપનામાં આવ્યા હતા.

(D) હરિએ અબોલા લીધા હતા.

2) 'મારા મનની દ્વારિકાના સૂબા' એટલે...

(A) કાવ્યનાયિકાની મન:સ્થિતિનું આલેખન

(B) દ્વારિકાનગરીના રાજા શ્રીકૃષ્ણ

(C) બીજાના મનમાં ઊભાં થતાં તરંગો

(D) દરિયામાં ડૂબી ગયેલી સોનાની દ્વારિકા

3) 'મનની દ્વારિકાના સૂબા' – વાક્યમાં કાવ્યનાયિકાનો ભાવ...

(A) તિરસ્કાર

(B) સમર્પણ ભાવ

(C) ક્રોધ

(D) ગુલામી

4) કાવ્યનાયિકા શા માટે બ્હાવરી બની?

(A) શ્રીકૃષ્ણને પામવા માટે

(B) સંસાર ભોગવવા માટે

(C) કંસાર બનાવવા માટે

(D) આંધણ મેલવા માટે

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો:

### 1) ભગવાને કાવ્યનાયિકાનાં આંસુ કેવી રીતે લૂછ્યાં?

- હરિમિલન માટે ઝુરતી કાવ્યનાયિકાના સ્વપ્નામાં ભગવાન શ્રીકૃષ્ણ આવ્યાં. કાવ્યનાયિકાની સામે મરક મરક હસતાં ઉભા રહ્યાં. ભાવવિભોર બની ગયેલી કાવ્યનાયિકાની આંખમાં આંસુ સરવા માંડ્યાં. કાવ્યનાયિકાના મનના સુબા એવા દ્વારિકાનગરીના રાજા ભગવાન શ્રીકૃષ્ણે કાવ્યનાયિકાના ગોપીના વિરહને ખાળવા એનાં આંસુ લૂછ્યાં.

### 2) ભગવાને સ્વપ્નમાં આવીને શું કર્યું ?

- ભગવાન શ્રીકૃષ્ણ ગોપીના સ્વપ્નામાં આવ્યા. સૌપ્રથમ શ્રીકૃષ્ણએ ગોપીને પ્રેમથી બોલાવી, ઝુલાવી અને વહાલી કરી. પછી ગોપીની સામે મરક મરક હસતા ઊભા રહ્યા અને તેનાં આંસુ લૂછ્યાં.

## 3. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં ઉત્તર લખો:

### 1) હરિમિલનને તમારા શબ્દોમાં વર્ણવો.

- 'મારા સપનામાં આવ્યા હરિ' ઊર્મિગીતમાં ગોપીનું ઉત્કટ અને ભાવવિભોર હરિમિલન વર્ણવાયું છે. ગોપીના સ્વપ્નામાં અચાનક હરિ આવે છે અને હરિને જોઈ ગોપી કૃષ્ણના પ્રેમમાં બ્હાવરી બની જાય છે. સ્વપ્નામાં હરિએ ગોપીને પ્રેમથી બોલાવી, ઝુલાવી અને વહાલી કરી એટલે કે ગોપી પ્રત્યે પ્રેમ વ્યક્ત કર્યો. હરિ ગોપીની સામે ઊભા છે અને મરક મરક હસી રહ્યા છે. ગોપીના મનના સૂબા દ્વારકાના શ્રીકૃષ્ણ છે. શ્રીકૃષ્ણ ગોપીની આંખમાંથી વિરહનાં આંસુ લૂછે છે. હરિમિલનનો પ્રસંગ ગોપી માટે આનંદનો અવસર છે. એ મંગળમય અવસરે શુકનરૂપે ગોપીએ કંસાર રાંધવા માટે આંધણ મૂક્યું છે; પરંતુ ગોપીની કૃષ્ણપ્રીતિ એટલી તીવ્ર છે કે એ આંધણમાં પોતાનો સંસાર ઓરી દે છે. આ જોઈ હરિના મુખેથી ઉદ્ગાર સરી પડે છે: "અરે, બ્હાવરી …' એમાં ગોપીનો આત્મસમર્પણનો ભાવ જ પ્રગટ થયો છે.

## 4. કાવ્યપંક્તિ સમજાવો:

'આંધણ મેલ્યાં'તાં કરવા કંસાર
એમાં ઓરી દીધો મેં સંસાર
હરિ બોલ્યા: 'અરે, બ્હાવરી …'

- અચાનક હરિ સ્વપ્નામાં આવ્યા એટલે એ અવસર ગોપી માટે મંગળમય બન્યો. હરિમિલનના એ મંગળમય અવસરે શુકનરૂપે ગોપીએ કંસાર રાંધવા માટે આંધણ મૂક્યું હતું, પરંતુ હરિના પ્રેમમાં ભાવવિભોર બનેલી ગોપીએ તો એ આંધણમાં પોતાનો સંસાર ઓરી દીધો. આ જોઈ હરિના મુખેથી ઉદ્ગાર સરી પડ્યા : 'અરે, બ્હાવરી …!' હરિના આ શબ્દો ગોપીના આત્મસમર્પણનો ભાવ વ્યક્ત કરે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in